**એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય આ પ્રકારના કિસ્સામાં ગુણાંકનની ગણતરી અને ઉમેદવાર દ્વારા દર્શાવવાન ગુણ**

ઉક્ત શૈક્ષણિક અને તાલીમી લાયકાતના ગુણાંકન સમયે, જે તે પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય, આ પ્રકારના કિસ્સામાં ગુણાંકન માટે નીચે મુજબની પદ્ધતિ અનુસાર ગણતરી કરી ગુણાંકન કરવાનું રહેશે.

દા.ત.

- ઉમેદવાર બી. એસસી પરીક્ષા ત્રણ પ્રયત્ને પાસ કરેલ હોય જેમાં પ્રથમ પ્રયત્નમાં ૭ વિષયમાંથી ૪ વિષયમાં પાસ અને ૩ વિષયમાં નાપાસ થયેલ હોય અને કુલ ૭૦૦ માંથી આશરે ૩૦૦ ગુણ મેળવેલ હોય.
- બીજા પ્રયત્નમાં ૪ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૩ વિષયની પરીક્ષા ફરી આપતા જેમાંથી ૨ વિષયમાં પાસ અને ૧ વિષયમાં નાપાસ થયેલ હોય તો કુલ ૩૦૦ ગુણ માંથી આશરે ૧૦૦ ગુણ મેળવેલ હોય.
- ત્રીજા પ્રયત્નમાં ૬ વિષયની પરીક્ષા માફી લઈ નાપાસ થયેલ ૧ વિષયની પરીક્ષા ફરીથી આપે અને તેમાં ૧૦૦ માંથી આશરે ૫૦ ગુણ મેળવેલ હોય.
- ઉક્ત ત્રણેય પ્રયત્નો કરેલ હોય તેમની ગણતરી ત્રણેય માર્કશીટમાં દર્શાવેલ કુલ ગુણમાંથી મેળવેલ ગુણનો સરવાળો કરવો એટલે કે પ્રથમ પ્રયત્નના ૩૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૧૦૦ ગુણ તથા ત્રીજા પ્રયત્નના ૫૦ ગુણ એમ ૪૫૦ ગુણ અને ત્રણેય પ્રયત્નોના કુલ ગુણ એટલે કે પ્રથમ પ્રયત્નના ૭૦૦ ગુણ, બીજા પ્રયત્નના ૩૦૦ ગુણ અને ત્રીજા પ્રયત્નના ૧૦૦ ગુણ એમ કુલ ગુણ ૧૧૦૦ મુકવા અને પ્રયત્નોની સંખ્યા ૩ દર્શાવવી.